©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] MONDAY, 25th MAY, 2026/JYAISTHA 04, 1948 [No. 3869

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

"અધિસુચના"

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, નિયમ, ૨૬ (૯)

નગર રચના યોજના નં. ૧૨૩/બી(નરોડા)

આખરી યોજના

ક્રમાંક : ન.ર.યો.નં.૧૨૩/બી(નરોડા)/જનરલ/૧૪૦૯.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ ની પેટા કલમ-(૩) ની જોગવાઈ મુજબ મેં આજ તા. ૧૬-૦૫-૨૦૨૬ને શનિવારના રોજ નગર રચના અધિકારી તરીકેના આખરી નગર રચના યોજના નં.૧૨૩/બી(નરોડા) અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ ૨૬ના પેટા નિયમ-(૯)ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયના ઉતારા, નમુનો-'ડ' મુજબ નગર રચના યોજના નં. ૧૨૩/બી(નરોડા)માં આવતા દરેક જમીનમાલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થયો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને/માલિકોને મારા નિર્ણયોના ઉતારાની નકલ મળ્યેથી ૧ (એક) માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૫ની જોગવાઈ અનુસાર રાજય સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ મે. પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી (C/O મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, ચ-૩, ક્રોસ રોડ, ગુજરાત રાજય, ગાંધીનગર) ને જરૂરી કોર્ટ ફીનો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મુળ નકલ ઉપર લગાવી ત્રણ નકલમાં લેખિત અપીલ અરજી કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૩માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે. જયારે કલમ-૫૪માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો અધિનિયમ ની કલમ-૫૫ હેઠળ રચાતા અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે.

ઉપરોક્ત આખરી યોજનાની તૈયાર કરવામાં આવેલી સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરિક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તારીખ : ૧૬-૦૫-૨૦૨૬

સ્થળ : અમદાવાદ

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૩,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૩,
અમદાવાદ

કચેરીનું સરનામું :
નગર રચના અધિકારીશ્રીની કચેરી,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૩,
૩૦૭, બીજો માળ, શ્યામજી કૃષ્ણવર્મા રમત ગમત,
સાંસ્કૃતિક અને વાણીજ્ય ભવન, ન્યુ ક્લોથ માર્કેટની સામે,
રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૨

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.26 13:37:17 IST